BAOU
Education for All

# જ્ઞાનગંગા

## યુનિવર્સિટી ન્યૂઝ

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

વર્ષ-૧૧ | અંક-૩૩ (આંતરિક વિતરણ) | ૧૬ જુલાઈ, ૨૦૧૭







Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
Second Annual
Convocation 2017













## 'In pursuit of Excellence' વ્યાખ્યાનમાળા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજિત **'In pursuit of Excellence વ્યાખ્યાનમાળા'** અંતર્ગત તા.01/05/2017ના રોજ પ્રો. આર. પી. જોશી (પ્રો. સેન્ટ્રલ યુનિવર્સિટી, રાજસ્થાન)ના વ્યાખ્યાનનું આયોજન યુનિવર્સિટીના ગૌતમ હૉલમાં કરવામાં આવેલું. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી. માન. કુલપતિશ્રી પંકજ એલ. જાનીએ પોતાના સ્વાગત પ્રવચનમાં કહ્યું કે, "નાની નાની વાત વિશ્વવિદ્યાલયોને મોટું બનાવે છે.



ઓપન યુનિવર્સિટી એ ટ્રેનિંગ સેન્ટર છે." ગુજરાત સ્થાપના દિવસને યાદ કરીને કવિતા પઠન કર્યુ. પ્રો.આર.પી.જોશીનો પરિચય અર્ચના મિશ્રા દ્વારા આપવામાં આવ્યો. પ્રો. આર. પી. જોશી (પ્રો. સેન્ટ્રલ યુનિવર્સિટી, રાજસ્થાન)એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, "હું ગુજરાતની સાદગીથી પ્રભાવિત થયો છું.




રાષ્ટ્રનિર્માણમાં શિક્ષણનું મહત્ત્વ વધારે છે. શૈક્ષણિક કારકિર્દી પ્રેરણાદાયી હોવી જોઈએ. સર્વશ્રેષ્ઠ હોવા માટે excellence હોવું જરૂરી છે. મહાન વ્યક્તિને મહાનતા કેવી રીતે મળી તે માટે વિચારીએ તો સ્વયંને ઓળખીએ. સાધ્ય અને સાધન બંને પવિત્ર હોય તો જરૂર મહાન થવાય. મૂલ્ય પર આધારિત જીવન હોવું જોઈએ. સ્પેશિયલ વિદ્યાર્થીને વિશેષ સુવિધા આપવી જોઈએ.



વિકાસનું માપદંડ શું હોય, તે જાણી તેને ઓળખવાની વાસ્તવિકતા પામવાની શક્તિ હોવી જોઈએ. નાનામાં નાનું આચરણ પણ વિદ્યા મેળવવા માટેનું પ્રથમ પગથિયું છે. આજે જ્ઞાન મળે છે; પણ, આચરણ નહીં. વ્યક્તિત્વ ખંડિત થઈ ગયું છે. સન્માન જેવી વસ્તુ લુપ્ત થતી ગઈ છે. વ્યક્તિત્વ વિખરાઈ ગયું છે.
સત્ય અને અહિંસાના રસ્તાથી 'Excellence' બનાવો. શિક્ષકે વિદ્યાર્થીમાં જિજ્ઞાસા જગાડવી જોઈએ. તેમની જરૂરિયાતો તેમની રીતભાત અને કાર્યશૈલી જાણવી જોઈએ. તેમની મર્યાદા પણ જાણવી જોઈએ. તમારું લક્ષ્ય નક્કી કરો. શિક્ષકનું કાર્યક્ષેત્ર વિશાળ છે. આમંત્રણ આપવા બદલ આભાર વ્યક્ત કરી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું."

આ સાથે માન. કુલપતિશ્રી દ્વારા આવનાર તજ્જ્ઞશ્રીના વક્તવ્યથી યુનિવર્સિટીમાં સૌને માર્ગદર્શન તથા પ્રેરણા મળી તે માટે તજ્જ્ઞશ્રીનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી.

## Delegates from Delhi

તા.21/05/2017ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય પુનર્વસન સંસ્થાન (RCI) ના મેમ્બર સેક્રેટરી શ્રી એસ. કે. શ્રીવાસ્તવ સ્પે. બી.એડ. તેમજ વિશિષ્ટ શિક્ષણના અન્ય અભ્યાસક્રમોના MOU રિન્યૂ કરવા તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની મુલાકાત લેવા માટે નવી દિલ્હીથી આવ્યા. જેમનો સાથ રાષ્ટ્રીય અંધજન મંડળના નિયામકશ્રી ભૂષણ પૂનાની અને સેન્સ ઈન્ટરનેશનલના નિયામકશ્રી



અખિલ પોલે આપેલ હતો. ઉપરોક્ત મહાનુભાવોએ માન. કુલપતિશ્રી ડૉ.પંકજ એલ. જાની સાહેબ અને કા. કુલસચિવ પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય સાથે મુલાકાત કરી. રાષ્ટ્રીય પુનર્વસન સંસ્થાન, નવી દિલ્હી કઈ રીતે મુક્ત શિક્ષણમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને મદદરૂપ થઈ શકે અને તેમની શું અપેક્ષાઓ છે તેની વિગતે ચર્ચા કરેલ. આ ચર્ચામાં નિયામક (શિક્ષણશાસ્ત્ર) ડૉ. અજીતસિંહ રાણા અને કા. નિયામક (S.S.) ડૉ.આવા શુક્લા પણ હાજર રહ્યાં હતાં.



ચર્ચાના અંતે રાષ્ટ્રીય પુનર્વસન સંસ્થાનના મેમ્બર સેક્રેટરીશ્રી એસ.કે. શ્રીવાસ્તવ સાહેબે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અત્યાધુનિક ચૈતન્ય સ્ટુડિયોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને સંદેશ પાઠવ્યો હતો. જેમાં તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિશિષ્ટ શિક્ષણ ક્ષેત્રે ઉમદા કામગીરીને બિરદાવી હતી.

## વૃક્ષારોપણ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું નૂતન પ્રાંગણ હરિયાળું અને સુંદર બને તેવાં પ્રયાસો જવાબદારીના ભાગરૂપે યુનિવર્સિટીના સદસ્ય પરિવાર તરફથી થાય તેવા ઉમદા હેતુથી માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના માર્ગદર્શન મુજબ પરિસરમાં વૃક્ષારોપણનું તા.05-06-2017 ના રોજ આયોજન થયું હતું.



પરિસરમાં જુદી- જુદી જગ્યાઓ પર અધિકારીશ્રીઓ દ્વારા છોડ રોપવામાં આવેલ.



આવશ્યક સેવાશ્રમ કાર્યથી સૌને ધન્યતાનો અનુભવ થયો.

## પત્રકારત્વથી પદ્મશ્રી સુધીની યાત્રા
## મુખ્ય વક્તાશ્રી : પદ્મશ્રી શ્રી વિષ્ણુભાઈ પંડયા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તારીખ 6-6-2017ના મંગળવારના રોજ **'In pursuit of Excellence વ્યાખ્યાનમાળા'** ના અનુંસધાનમાં 'પત્રકારત્વથી




પદ્મશ્રી સુધીની યાત્રા' વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. આ કાર્યક્રમના મુખ્ય વક્તા અને અતિથિ વિશેષ તરીકે પદ્મશ્રી શ્રી વિષ્ણુભાઈ પંડ્યા, યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી ડૉ.પંકજ એલ. જાની, કુલસચિવશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય, પ્રો. ડૉ. અજીતસિંહ રાણા, પ્રો. ડૉ. નિલેશભાઈ મોદી, ડૉ. મનોજ શાહ, આગંતુક મહેમાનો તથા યુનિવર્સિટીના કર્મચારીગણની ઉપસ્થિતિમાં યુનિવર્સિટીની પરંપરા મુજબ યુનિવર્સિટી ગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.મંચસ્થ અતિથિ તથા યુનિવર્સિટી અધિકારીગણ દ્વારા દીપપ્રાગટ્યથી કાર્યક્રમ શરૂ થયો. કીર્તિબેન રાવલ દ્વારા "હે મા શારદે"- સુંદર પ્રાર્થનાની રજૂઆત કરવામાં આવી. ત્યારબાદ આદરણીય કુલપતિશ્રીએ સ્વાગતીય અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ દ્વારા




અતિથિશ્રીનું પુસ્તક, પુષ્પગુચ્છ, ખેસ, સ્મૃતિચિહ્ન અને શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું.



મુખ્ય વક્તાશ્રી પદ્મશ્રી શ્રી વિષ્ણુભાઈ પંડ્યાજી દ્વારા 'પત્રકારત્વથી પદ્મશ્રી સુધીની યાત્રા' પર વ્યાખ્યાન આપવામાં આવ્યું. જેમાં તેમને પોતાના વિદ્યાર્થીકાળના સંસ્મરણોથી લઈ પત્રકારત્વની સફર અને પદ્મશ્રી સુધીની યાત્રાને રસિક રીતે વર્ણવી, સાથે સાથે અલગ અલગ લોકોની આંખોથી જોવાતો ઈતિહાસ અને એમાં રહેલી વિવિધતા જે ઈતિહાસના આયામો અને 'ગુજરાત પડખું ફેરવી રહ્યું છે'ની વાત સાથે ગુજરાતની અસ્મિતાની વાતથી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા. કાર્યક્રમના અંતે કુલસચિવશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ થયો.

## "Stress Management and Value based management" શીર્ષક હેઠળની કાર્ય શિબિર

આજના આધુનિક યુગમાં, ટેક્નોલોજી ના યુગમાં માનવ અને સમાજ જ્યારે વિકાસશીલ થઈ રહ્યો છે. દોડધામના આ જીવનમાં મનુષ્ય પાસે ભૌતિક સુખ –સુવિધાઓ છે, છતાં તે સતત એક વસ્તુની શોધમાં રહે છે અને તે છે – 'શાંતિ'. યાંત્રિક યુગમાં જીવન ગતિશીલ છે. અપેક્ષાઓ વધી ગઈ છે. પ્રશ્નો તો દરેકને છે જ, પરંતુ તે પ્રશ્નોનો વ્યવસ્થિત માર્ગ કાઢવો એ જરૂરી છે. આમ, આ સાંપ્રત વ્યાપક સમસ્યાના નિરાકરણ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલ ખાતે "Stres Management and Value based management"



શીર્ષક હેઠળ તા. ૧૬ અને ૧૭ જૂન, ૨૦૧૭- બે દિવસીય કાર્ય શિબિરનું આયોજન માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના માર્ગદર્શન હેઠળ થયું હતું.



માનનીય કુલસચિવશ્રી ડૉ. અમી ઉપાધ્યાય, એકેડેમિક ડાયરેક્ટર ડૉ. મનોજ શાહ, નિયામક (SS) ડૉ. આવા શુક્લાએ દીપ પ્રજ્જવલિત કરી કાર્ય શિબિરનો શુભારંભ કર્યો હતો. આ કાર્ય શિબિરના મુખ્ય વકતા અને મુખ્ય મહેમાન બ્રહ્માકુમારી – આધ્યાત્મિક યુનિવર્સિટીના પૂજ્ય સાવિત્રી દીદી હતા. જેમના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓએ સ્ટ્રેસ દૂર કરીને સકારાત્મક જીવન શૈલી જીવવાના અભિગમને અપનાવવાનો પ્રયત્ન કર્યો હતો.



પૂજ્ય દીદીના પ્રેરણાદાયક બે દિવસીય કાયશિબિરમાં – સ્નેહ, સહયોગ, ચિત્તના શુદ્ધિકરણ અને સહાનુભૂતિથી પ્રાપ્ત મનની શાંતિ અને જીવન જીવવાના નવા દૃષ્ટિકોણની દિશા પ્રાપ્ત થઈ. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન પરફોર્મિંગ આર્ટસ વિભાગનાં પ્રો. દિગીશ વ્યાસે કર્યું હતું.

## યોગ શિબિર

સમગ્ર વિશ્વમાં ભારતની અમૂલ્ય જ્ઞાન સંપદારૂપ 'યોગ' નું આકર્ષણ છે.



ભારતની અમૂલ્ય જ્ઞાન સંપદા એવા 'યોગ'નું આકર્ષણ આજે સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. ભૌતિકતાની આંધળી દોડથી



વ્યથિત વિશ્વ જ્યારે યોગ તરફ વળ્યું છે, ત્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં પ્રયત્નોથી યુનાઈટેડ નેશનલ (યુનો) દ્વારા 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જે સમગ્ર ભારત માટે ગૌરવની વાત છે.



2015 માં પ્રથમ વાર ઉજવાયેલ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સમગ્ર ભારતમાં એક જ સમયે યોગાભ્યાસ કરવાની પરંપરા શરૂ થઈ, જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ પણ પોતાનાં નવા 'જ્યોતિર્મય પરિસર' માં નિયત સમયે યોગાભ્યાસ અને યોગ શિબિરનું આયોજન કરી અને પોતાનું યોગદાન આપ્યું. આજ પરંપરાને ચાલુ રાખીને 21 જૂન, 2017ના દિવસે પણ યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી થઈ. યુનિવર્સિટીના મુખ્ય પ્રાંગણમાં આયોજિત યોગાભ્યાસ વરસાદની સંભાવના હોવાથી ગૌતમ હૉલમાં તથા ગૌતમ હોલની નીચેના પેસેજમાં ગોઠવવામાં આવ્યો. ડૉ. વિક્રમભાઈ ઉપાધ્યાય તથા તેમની ટીમ દ્વારા મિનીસ્ટ્રી ઑફ આયુર્વેદ, યોગ નેચરોપથી, યુનાની, સિદ્ધિ અને હોમિયોપેથી (Ayush) દ્વારા માર્ગદર્શિકા કોમન યોગ પ્રોટોકોલ પ્રમાણે સહુને યોગાભ્યાસ કરાવ્યો.



યોગાભ્યાસ દરમિયાન યુનિવર્સિટી પરિવારની સાથે આરોગ્ય ભારતનાં અખિલ ભારતીય ઉપાધ્યાય ડૉ. પ્રવીણભાઈ ભાવસાર અને ગુજરાત પ્રાંતના પ્રમુખ ડૉ. ભાવસારભાઈ ભટ્ટ પણ જોડાયા. ઉપરાંત યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્ર શિવાશ્રમ, દંતાલીનાં સંયોજકશ્રી ડૉ. જીતેન્દ્રભાઈ પંચાલ તથા અન્ય મહાનુભાવો પણ જોડાયા. તથા સહુએ યોગાભ્યાસને અંતે પોતાનાં પ્રતિભાવો પણ આપ્યા તથા યુનિવર્સિટીના કુલપતિશ્રી દ્વારા સહુને અભિનંદન પાઠવ્યા.

યુનિવર્સિટીમાં સાતત્યપૂર્ણ રીતે ઉજવાતા આ તૃતીય આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની તૈયારી માટે ડૉ. વિક્રમભાઈ ઉપાધ્યાય અને તેમની સાથે શ્રી કમલેશભાઈ મિસ્ત્રી, શ્રી હીરાભાઈ પરમાર, ડૉ. જય ઉપાધ્યાય, ડૉ. નેહા ઠાકર, ડૉ. વિધિ પટેલ વગેરેની સમગ્ર ટીમ દ્વારા આગળનાં બે દિવસ સહુને AYUSH દ્વારા નિર્દિષ્ટ કોમન પ્રોટોકોલ ઑફ યોગની પ્રેક્ટિસ પણ કરાવી હતી કે જેને લીધે યોગ દિવસની ઉજવણી સારી રીતે થઈ શકી.



યોગાભ્યાસ દરમિયાન ચૈતન્ય સ્ટુડિયોના સ્ટાફ દ્વારા ઓડિયો પ્લે બેક અને વીડિયો રેકોર્ડિંગની સુંદર સુવિધા પુરી પાડવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંયોજન ડૉ. હિમાંશુ પટેલ તથા ડૉ. મૌનસ ઠાકર દ્વારા કરવામાં આવ્યું.

# ફોટો ગેલેરી


COURSES OFFERED




saheb Ambedkar Open Universi
&
Gan Nation Open U sity
14-15









**સ્વાધ્યાયઃ પરમં તપઃ**


સંકલન : ડૉ. આવા શુક્લા (નિયામક, વિદ્યાર્થી સહાય)

સહ-સંકલન : ડૉ. પ્રિયાંકી વ્યાસ - એસોસિયેટ પ્રોફેસર (Lib. & Inf. Sci)

ડૉ. ચેતના શાહ- ગ્રંથપાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
'જ્યોતિર્મય' પરિસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-૩૮૨ ૪૮૧

ગ્રાફિકસ ડિઝાઈન : નિકુલ પટેલ

ટાઈપિંગ : સાહિસ્તા મલેક






**સંપાદક**

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કા. કુલસચિવશ્રી**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧. ઈ-મેઈલ : feedback@baou.edu.in | www.baou.edu.in